ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમમાં હાલ મંજુર થયેલ સચિવશ્રીની જગ્યાને અપગ્રેડ કરીને મેનેજીંગ ડીરેકટરશ્રીની જગ્યામાં ફેરવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:-અપબ/૧૩૧૨/૬૩૮૯૨૧/જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૩૧/૦૮/૨૦૧૩

<u>વંચાણમાં લીધા-</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ:-૨૧/૦૯/૨૦૧૨ના .ઠરાવ ક્રમાંક:-અપબ/૧૩૦૮/ન.બા.૧૭/જ,

<u>ઠરાવ:-</u>

અનુસુચિત જાતિ પૈકી અતિ પછાત જાતિઓમાં વાલ્મિકી(સફાઇ કામદાર અને તેમના આશ્રિતો સિવાયના), હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો, વણકર સાધુ, અનુસૂચિત જાતિના બાવા, તીરગર, તીરબંદા, તુરી, માતંગી જેવી અતિ પછાત જાતિઓના લોકો અન્ય જાતિઓની સરખામણીમાં ચોકકસ પ્રગતિ કરી શકે અને તેમનો આર્થિક ઉત્કર્ષ થઇ શકે તે હેતુથી ,આ વિભાગના ઉપર વંચાણમાં લીધેલ ઠરાવથી બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડનુ ઉપર વંચાણે લીધેલ ઠરાવથી ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમમાં રૂપાંતર કરવામાં આવેલ છે, જેના ઠરાવની શરત નં-(૬) અનુસાર બોર્ડમાં મંજુર થયેલ સચિવશ્રીની જગ્યા (પગાર ધોરણ ૯૩૦૦--૩૪૮૦૦ ગ્રેડ પે -૪૬૦૦) ને અપગ્રેડ કરીને મેનેજીંગ ડીરેકટરશ્રી (વર્ગ-૧) (પગાર ધોરણ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે ૭૬૦૦) ની જગ્યામાં અપગ્રેડ કરવાની બાબતને વહીવટી મંજૂરી આપવાની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમમાં મંજુર થયેલ સચિવશ્રીની જગ્યા (પગારધોરણ ૯૩૦૦--૩૪૮૦૦ ગ્રેડ પે- ૪૬૦૦) ને અપગ્રેડ કરીને મેનેજીંગ ડીરેકટરશ્રી (વર્ગ-૧)(પગાર ધોરણ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે ૭૬૦૦) ની જગ્યામાં અપગ્રેડ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૩૦/૦૭/૨૦૧૩ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.જે.માકડિયા)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્ય મંત્રીશ્રી,ના અગ્ર સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
મા. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી,નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર -
સચિવશ્રી(ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ,,ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ,,ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ,,ગાંધીનગર
- તમામ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીની કચેરી./જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત)ની કચેરી (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- પસંદગી ફાઇલ.